માંડવીના તરસાડા ગામમાં વીજળીના થાંભલા સાથે ટ્રક અથડાતા તૂટી પડેલો વીજ થાંભલો અને ટ્રક નીચે દબાયેલી મોટરબાઇક નજરે પડે છે. (તસવીરઃ પ્રવીણસિંહ મહિડા, તરસાડા)

તરસાડામાં ટ્રક અથડાતા વીજ-થાંભલોતૂટીગયો,ટ્રકસળગતાબચી

પસાર થતો યુવાન ગભરાઇ જતા બાઇક મુકીને ભાગી ગયો

તરસાડાઃ માંડવી તાલુકાના તરસાડા બારગામે આજે બપોરે માર્ગ પરથી પસાર થતી ટ્રક વીજળીના થાંભલા સાથે અથડાતા જીવંત વીજતારને અડી જતા સ્પાર્કથી મોટો અવાજ થતા લોકો ગભરાઇ ગયા હતા.

ટ્રક (નં. જીજે-૩ ડબલ્યુ ૯૦૬૮)ના કારણે ભડાકો થતા થાંભલા નજીકથી હીરો હોન્ડા પેશન લઇને પસાર થઇ રહેલો યુવાન વીજ થાંભલો પોતાના પર પડશે તેથી ગભરાઇ જતા બાઇક મુકીને ભાગી ગયો હતો. સામેથી રૂ ભરીને આવી રહેલી ટ્રક નીચે બાઇક પણ કચડાઇ ગઇ હતી.

ગામના યુવાનોએ સમયસૂચકતા વાપરતા રૂ ભરેલી ટ્રકને ખેંચી લેતા ટ્રક સળગતા બચી ગઇ હતી. ગામના યુવાનોએ ડીપી પર જઇને વીજ પુરવઠો બંધ કરી દીધો હતો. આમ કોઇ અનિચ્છનીય બનાવ બન્યો નથી. તરસાડા ગામમાંથી ૨૪ કલાક દોડતા વાહનો માનવવસતી માટે જોખમકારક છે, છતાં સરકાર કોઇ પગલાં ભરતી નથી.

ઉમરપાડા તા.ના કેવડીગામેથી બે બોગસ તબીબીઓની ધરપકડ, એક વોન્ટેડ

બોગસ તબીબો લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા હતા

વાડીગામઃ આરોગ્ય તંત્રના કેવડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ. મહેશભાઇ આર. વાડાએ ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં બોગસ તબીબીઓ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી. જેના પગલે ઉમરપાડા પી.એસ.આઇ. વસાવા તથા ડૉ. મહેશ વાડાએ કેવડીગામેથી બે બોગસ તબીબીઓની ધરપકડ કરવામાં આવી છે તેમજ એક બોગસ તબીબી પોલીસને જોઇ ફરાર થઇ ગયો હતો.

જેને વોન્ટેડ જાહેર કરાયો હતો. ઉમરપાડા પોલીસે આપેલી વિગતો મુજબ ઉમરપાડા તાલુકાના કેવડી ગામે કેટલાક બોગસ ડીગ્રીધારી તબીબીઓ ખાનગી પ્રેકટીસ કરી જાહેર જનતાના શારીરિક સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યા હતા.

અને બોગસ ડીગ્રીધારી તબીબીઓ પાસે ગુજરાત મેડીકલ કાઉન્સીલ કે આયુર્વેદિક એન્ડ યુનાની સીસ્ટમ ઓફ મેડીસનનું રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર પણ નથે એવા બોગસ તબીબી (૧) સુબોધભાઇ બાબુભાઇ સમજદારી હા. રહેવાસી કેવડી-ચોકડીના દવાખાને જઇ તપાસ કરતા ઓલોપોથીક દવાઓ ૮૫૯ રૂ. સાથે ગેરકાયદે પ્રેકટીશ કરતા ઝડપી પાડયા હતા. (૨) મીની આન્સી. નાનેન્દ્રનાથ બક્ષી- હાલ રહેવાસી કેવડી મંદિર ફળિયાથી ઓલોપોથીક દવાઓ ૧૭૮૪ રૂા.નાં માતા સાથે ધરપકડ કરવામાં આવી છે.

તેમજ વોન્ટેડ (૩) પદમાલોચન બેજલચંદ બિશ્વાસ કેવડી બજારના દવાખાનેથી ઓલોપોથીક દવા ૨૭૧ રૂા.ની મતા આવી છે. બોગસ તબીબી પદમાલોચન ફરાર થઇ ગયો હતો. (૩) પદમા લોચન તબીબીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

બોગસ તબીબી (૧) સુબોધ-બાબુ-સમજદાર તથા (૨) મીનીઆન્સી નાનેન્દ્રનાથ બક્ષી (૩) પદમાલોચન બેજલ વિશ્વાસી ત્રણે બોગસ તબીબીઓ પાસે ગુજરાત મેડીકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન પ્રમાણે નથી. જેથી ગુજરાત મેડીકલ પ્રેકટીશનર્સ એકટ એચ-૧૯૬૩ની કલમ ૩૦/૩૫ હેઠળ તથા ઈન્ડીયન મેડીકલ પ્રેકટીશયર્સની ૧૫(૨) બી મુજબ ગુનો નોંધી ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આથી ઉમરપાડા તાલુકાના બાકી રહેલા બોગસ ડીગ્રીધારી તબીબીઓમાં ફફળાટ ફેલાઇ જવા પામ્યો છે.

ઉપરોકત બોગસ ડીગ્રીધારી તબીબીઓની ધરપકડ કેવડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ. મહેશ આર વાડા તથા સ્ટાફને પોલીસે સાથે રાખી કરી હોવાનું ઉમરપાડા પી.એસ.આઇ. વસાવાએ જણાવ્યું છે.

આહવાના ગૌર્યા ગામે કિશાન સભા યોજાઇ

આહવાઃ ડાંગ જિલ્લામાં કૃષિ મહોત્સવની ઉજવણી ૧૨મા દિવસે કિસાન રથ તાલુકા પંચાયતની નડગખાદી બેઠક મતદાર વિભાગના ગૌર્યા ગામે રાજયના કુટિર ઉદ્યોગ મંત્રી શ્રી રણજીતભાઇ ગિલીટવાલાની અધ્યક્ષતામાં કિશાન સભા યોજાઇ હતી. ગૌર્યો ગામે ખેડૂતોને કૃષિ, બાગાયત અને પશુપાલન કીટસનું વિતરણ મંત્રી ધારાસભ્ય વિજયભાઇ પટેલ તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું તથા આયોજન પશુ આરોગ્ય મેળામાં પશુપાલકોના પશુઓને આરોગ્ય સારવાર પશુપાલન વિભાગ દ્વારા ૧૫૩ પશુઓને રોગ પ્રતિકારક વેકસીનેશન રસી આપવામાં આવી હતી. તેમજ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને સુધારેલ તથા વધારે ઉત્પાદન મેળવી શકાય તેવા બિયારણોનો ઉપયોગ કરવા અંગે, વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઓ, વિગેરે ખેત વિષયક માર્ગદર્શન ઉપસ્થિત ખેડૂતોને આપવામાં આવ્યું હતું.

તેમજ કૃષિ મહોત્સવ નિમિત્તે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રાજયના મુખ્ય મંત્રીએ વચન દ્વારા ગતિશીલ ખેડૂતો અને પશુપાલકોની સિધ્ધિઓના દૃષ્ટાંતો રજુ કરી ડાંગ જિલ્લાના ખેડૂતોને આધુનિક વૈજ્ઞાનિક ઢબે ખેતી તથા પશુપાલન વૃત્તિ દ્વારા પગભર થવા પ્રેરિત કર્યા હતા. માહિતી ખાતા દ્વારા આયોજીત તમાસા કાર્યક્રમમાં ડાંગ જિલ્લાના સ્થાનિક તમાશા પાર્ટીના કલાકારો દ્વારા જ્ઞાન અને ગમત સાથે આધુનિક વૈજ્ઞાનિક ખેત પધ્ધતિ અને પશુપાલન કરવા તથા ખેતીના પાકોને વૈજ્ઞાનિક ઢબે કરવા અને ડાંગના જંગલની સાચવણી અને સંરક્ષણ માટે જાણકારી આપી હતી.

અંકલેશ્વરના મહાદેવ મંદિરનો દ્વિતીય પાટોત્સવ ઉજવાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરની ગજાનંદ સોસાયટી સ્થિત મહાદેવજીના મંદિરનો દ્વિતીય પાટોત્સવ શ્રધ્ધાપૂર્વક માહોલમાં યોજાયો હતો. આ મહાદેવ મંદિરની સ્થાપનાને બે વર્ષ પૂર્ણ થતાં વિશિષ્ટ હવન તેમજ મહાપ્રસાદી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ લાભ ઉઠાવ્યો હતો.

તેં મારૂં ટીશર્ટ કેમ લઇ લીધું?

ખરોડ ગામે લગ્નમંડપમાં જ યુવકની હત્યા

અલ્તાફ નામના યુવાને રાજેશ વસાવા પર ટીશર્ટ ચોરીનો આક્ષેપ મૂકી ચપ્પુ સાથે પાછળ દોડી લગ્નમંડપમાં ઉપરાછાપરી ઘા મારી દીધા

અંકલેશ્વરઃ અંકલેશ્વર પંથકના ખરોડ ગામે ચાલુ લગ્ને લગ્ન મંડપમાં નજીવી બાબતે એક યુવકે અન્ય યુવકના પેટમાં ચાકુ હુલાવી હત્યા કરી નાંખતા સનસનાટી મચી ગઇ હતી.

ટીશર્ટ ચોરીની આશંકા સેવી ખરોડ ગામના અલ્તાફ નામના મુસ્લિમ યુવકે આ જ ગામના આદિવાસી યુવક રાજેશ અભેસીંગ વસાવા (ઉ. વ. ૧૯)ને આડેધડ રીતે ચપ્પુના ઘા ઝીંકી લગ્ન મંડપમાં અનેક લોકોની હાજરીમાં મોતને ઘા ઉતારી દીધો હતો.

તા. ૨૦મી મેના રોજ બારેક વાગ્યાના ગાળામાં બનેલા સનસનાટીભર્યા આ કિસ્સાની વિગતો કંઇક આ પ્રમાણે જાણવા મળી હતી. ખરોડ ગામના આદિવાસી વસાહતમાં રહેતા કાળીયાભાઇ વસાવાની પુત્રી ઇલાબેનના લગ્ન પ્રસંગની વિધિ ચાલી રહી હતી તે જ દરમ્યાન ખરોડ ગામના નાનું ફળિયામાં રહેતો ૧૯ વર્ષીય રાજેશ અભેસીંગ વસાવા દોડતો દોડતો આવી પહોંચ્યો હતો. તેની પાછળ ધસી આવેલ

(તસવીરઃ સુરેશ ગાંધી, અંકલેશ્વર.)

અલ્તાફ નામનો મુસ્લિમ યુવક કે જેના હાથમાં ચપ્પુ હતું તે બતાવી રાજેશને પૂછતો હતો કે તેં મારું ટી શર્ટ કેમ ચોરી લીધું છે, મને આપી દે પરંતુ રાજેશ વસાવાએ જણાવ્યું હતું કે આ ટી-શર્ટ એણે જાતે જ ખરીદ્યું છે.

જો કે અલ્તાફે તેના તરફ ચપ્પુ ઉગામ્યુ, દરમ્યાન લગ્ન મંડપમાં હાજર રહેલા અક્ષય વસાવા નામના યુવકે દરમ્યાનગીરી કરવાની કોશિશ કરતા અતિશય ગુસ્સામાં અલ્તાફે તેને પણ ચાકુ બતાવી દૂર હટી જવા જણાવ્યું હતું. આ જ ગાળા દરમ્યાન રાજેશ વસાવા ભાગવા જતાં અલ્તાફે તેના પેટ, છાતી અને પીઠના ભાગે ઉપરાછાપરી તીક્ષ્ણ ચપ્પુના ઘા ઝીંકી દઇ ફરાર થઇ ગયો હતો.

બનાવનો ભોગ બનનાર રાજેશ વસાવા ચપ્પુના ઘા વાગ્યા બાદ જીવ બચાવી લગ્ન મંડપથી બહારની તરફ ભાગ્યો હતો પરંતુ થોડે અંતરે તે ફસડાઇ પડયો હતો અને લોહીલુહાણ હાલતમાં તેણે ત્યાં જ દમ તોડી દીધો હતો.

આ ઘટનાના અનેક લોકો સાક્ષી બની રહ્યા હતા. નજીકમાં જ લગ્ન મંડપના માંગલિક પ્રસંગમાં સુનકાર વ્યાપી ગયો હતો. આ અંગેની જાણ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકના પી.આઇ. માવાણીને થતાં તેઓ પોલીસ કાફલા ખાતે ધસી ગયા હતા. મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

લોહીલુહાણ રાજેશે ભાગવાનો પ્રયાસ કર્યો પણ લગ્નમંડપની બહાર જ દમ તોડી નાખ્યો

મોડેથી મૃતકના પરિવારજનોએ આ અંગે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે અલ્તાફ વિરુધ્ધ ફરિયાદ કરતા પોલીસે પહેર્યું હતું તે જોઇતેણે દાવો કર્યો હતો કે આ ટી-શર્ટ મારું છે, મને આપી દે, જો કે રાજેશ વસાવાએ એવું જણાવ્યું હતું કે આ ટી-શર્ટ મારું જ છે. આથી ગુસ્સે ભરાયેલા અલ્તાફ તેને મારવા તેની પાછળ દોડયો હતો અને નજીવી બાબતે તેને ચપ્પુના ઘા મારી દઇ હત્યા કરી નાંખી હતી. આ ઘટનાને પગલે ખરોડ ગામના આદિવાસી સમાજમાં તીવ્ર શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

જંબુસર મામલતદાર કચેરીની સજ્જનતા વધારવા લોકલાગણી

ભરૂચઃ જંબુસર મામલતદાર કચેરીમાં બેસવા માટે રખાયેલ બાંકડા પોતે જ ઉભા રહી નહીં શકતા. જંબુસરમાં જ્યાં જુઓ ત્યાં ગંદકી જ ગંદકી દેખાય છે. તાજેતરમાંજ જંબુસર આવેલા શંકરસિંહ વાઘેલાએ માર્મિક ટકોર કરતા સત્તાધિશોને કહેલું કે જંબુસરના ઊંઘતા હોય તો જાગી જવાય તેવા રસ્તા અને જો બેભાન તો ભાનમાં આવી જાવ તેવી પારવાર ગંદકી દૂર કરી પ્રજાના સ્વાસ્થ્ય સાથે રમત રમવાનું બંધ કરવા જણાવ્યું હતું. પ્રજા કયાં સુધી આ પરિસ્થિતિમાં જીવશે?

ભરૂચ જિલ્લા કલેકટરાલયમાં સુંદર બગીચા તેમજ ફર્નીચરથી સુસજ્જ બની રહ્યું છે તો શું તેનું જુનું સાદ ફર્નીચર અથવા તો નવું ફર્નિચર જંબુસરના સરકારી કાર્યાલયની શોભા વધારી તેને પણ તેની બહારની સુંદરતાને શોભે તેમ અંદરની સુસજ્જતા વધારે તે ઇચ્છનીય છે.

બેસવાનાબાકડાપોતેજઉભારહીશકતા નથીઃ જ્યાં જુઓ ત્યાં ગંદકી જ ગંદકી

અંકલેશ્વરના વીસા ફળિયામાં પ્રાયમસની ઝાળથીયુવતીદાઝીજતાંભરૂચસિવિલમાં

દૂધ ગરમ કરતાં ભડકો થતાં ઓઢણીને ઝાળ લાગી

અંકલેશ્વર, તા. ૨૦: અંકલેશ્વરના ગોયા બજાર રોડના વીસા ફળિયામાં પ્રાયમસની ઝાળ ઓઢણીને લાગતા એક યુવતી દાઝી ગઇ હતી.

અત્રેના વીસા ફળિયામાં રહેતા નવીનભાઇ મવજીભાઇ રાવળની પુત્રી કાજલ તા. ૨૦મી મેના રોજ સવારે સાડાનવ વાગ્યાના ગાળામાં રસોડામાં પ્રાયમસ ઉપર દૂધ ગરમ કરતી હતી તે દરમ્યાન પ્રાયમસમાં ભડકો થતાં તેની ઝાળ તેની ઓઢણીને લાગતા ભડભડ બળવા લાગી હતી. જોતજોતામાં તે આખા શરીરે દાઝી ગઇ હતી.

(તસ્વીરઃ સુરેશ ગાંધી, અંકલેશ્વર)

આ સમયે ઘરના આગળના રૂમમાં બેઠેલી તેની માતા મંજુબેને તેની બૂમો સાંભળતા તેઓ દોડી ગયા હતા. તેને ભરૂચની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઇ હતી. જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે અંકલેશ્વર શહેર પોલીસે હાલ તુરંત તો અકસ્માતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બારડોલીમાં નવા ડી.પી. રોડ ઉપર ફેલાયેલ ગંદકી ક્યારે દૂર કરાશે?

(ગુજરાતમિત્રના પ્રતિનિધિ તરફથી)

બારડોલી તા. ૧૯: બારડોલી નગરમાં એમ.એન. પાર્કથી સાંઇ દર્શન જતાં નવા જાહેર કરાયેલા ૮૦ ફૂટનાં ડી.પી. રોડ પર માલધારી સમાજ દ્વારા ઉકરડાના ઢગલા કરાતા સમગ્ર માર્ગ પર ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે.

નગરમાં ગંદકી દૂર કરવા ઝુંબેશ ચલાવતા ફેલાયેલું છે. નગરમાં ગંદકી દૂર કરવા ઝુંબેશ ચલાવતા આરોગ્ય ચેરમેન ડૉ.ભરત શાહ આ ગંદકી ક્યારે દૂર કરાવશે?

બારડોલીના શાસકો નગર વિકાસની ગતિએ હોવાનું ચિત્ર ઉપસાવી રહ્યા છે. પરંતુ નગરની વાસ્તવિકતા કંઇક અલગજ પીવાના છે.

એક તરફ નગરમાં પ્રાથમિક સુવિધા સમાન પીવાના પાણી માટે બુમરાણ મચી છે. તો બીજી તરફ ગંદકીએ પણ માઝા મૂકી છે. શહેરનો વિકાસ તેજ ગતિએ થઇ રહ્યો હોવાનું જણાવી જુદાં-જુદાં રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે. જેમાં ગત સામાન્ય સભામાં એમ.એન. પાર્કથી સાંઇ દર્શન સુધીના માર્ગને ૮૦ ફૂટનો ડી.પી. માર્ગ જાહેર જનતા માટે જાહેર કરાયો હતો. પરંતુ આ ૮૦ ફૂટના રસ્તાની આજુબાજુ માલધારીઓની વસાહત હોય ગંદકીનું ભારી સામ્રાજ્ય છે. બીજી તરફ આ રસ્તા પર જ ઉકરડાંનાં ઢગલા જોવા મળી રહ્યા છે પણ ઉકરડાંના ઢગલા કરનાર વિરુધ્ધ કોઇ કાર્યવાહી હાથ ધરતાં ન હોય લોકોમાં અક્ષર્પ ફેલાયું છે.

નગરનો પોશ વિસ્તાર ગણાતા એમ.એન.પાર્કમાં જ આવી ગંદકી થી ઉભરાતો હોય તો અન્ય વિસ્તારોની શી દશા હશે તેની કલ્પનાજ કરવી રહી! બારડોલી નગરપાલિકાનાં શાસકો વહેલીતકે આ માર્ગની કામગીરી કરે એવી લોકલાગણી પ્રવર્તીરહી છે.

ભરૂચ જિલ્લા ૧૫ ગામ કાંઠા વિભાગ પટેલ સમાજના સમૂહલગ્નમાં ૩૨ યુગલોનાં પ્રભુતામાં પગલાં

૧૨ થી ૧૫ હજાર લોકોએ ભોજનનો લાભ લીધો ભોજનનો તમામ ખર્ચ અનિલ પટેલ તરફથીઃ કન્યાઓને આયોજકો તરફથી ભેટ

વાત્સલ્યધામ, મઢી, ભરૂચ જિલ્લા ૧૫ ગામ કાંઠા વિભાગ પટેલ સમાજ વિકાસ મંડળ આયોજીત ૧૦મો સમૂહ લગ્નોત્સવ અંકલેશ્વર તાલુકાના જૂના બોરભાઠા ભેટ મુકામે રંગે ચંગે સંપન્ન થયો હતો. સમાજના ૩૨ યુગલોએ પ્રભતામાં પગલાં પાડયાં હતા.

માતાજીની સમૂહ આરતી બાદ સ્વાગત અને પ્રસ્તાવિક વાતો સમાજના પ્રમુખ અનિલ પટેલે કરી હતી.

ભરૂચ વિભાગના ધારાસભ્ય દુષ્યંત પટેલે દીપ પ્રગટાવી ઉદઘાટન, સનાતન ધર્મના ગાદીપતિ સોમદાસ બાપુએ આશીર્વચન ધનજી પરમાર અને અન્યોએ પ્રાસંગિક વાતો કરી હતી.

આ સમારોહમાં સાંસદ ભારતસિંહ પરમાર, રાજકીય અગ્રણાઓ, ગામના સરપંચ તારાબેન પટેલ, રાજ્ય-રાષ્ટ્ર સરકાર એવોર્ડ વિજેતા શિક્ષક પ્રભુભાઇ પટેલ, સમૂહ લગ્નોત્સવ કમિટિના કન્વીનર ધનસુખ પટેલ, ગ્રામજનો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે લગભગ ૧૨ થી ૧૫ હજાર લોકોએ ભોજનનો લાભ લીધો હતો. ભોજનનો તમામ ખર્ચ અનિલભાઇ પટેલ તરફથી આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સોમદાસજી મહારાજ તરફથી ૫૧,૦૦૦ રૂપિયા, રમેશ સવાણી (ગાર્ડન સીટી) તરફથી ૨,૫૧,૦૦૦ રૂા. ધનજી પરમાર તરફથી ૧,૧૧,૧૧૧ રૂા. મોદી પરસુરામ ડાહ્યાભાઇ તરફથી ૫૧૦૦૦ રૂા.નું માતબર દાન મળ્યું હતું. રાજકીય આગેવાનો, સમાજના લોકો અને અન્ય સમાજની વ્યકિતઓએ પણ પણ દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો.

કન્યાઓને સમૂહ લગ્નના આયોજકો તરફથી ભેટ-સોગાદો આપવામાં આવી હતી. આ સમૂહ લગ્ન સમિતિના કન્વીનર ધનસુખ પટેલ, કૌશિક પટેલ સહિત કમિટિના ૨૧ સભ્યો, ગ્રામજનો અને ગામના નવયુવાનોએ યોગદાન આપ્યું હતું.

અંકલેશ્વર નવી નગરી વિસ્તારની મહિલા બુટલેગરને ત્યાંથી દારૂ ઝડપાયો

અંકલેશ્વર શહેર પોલીસના સર્વેલન્સ વિભાગની ટુકડીએ દરોડો પાડી મહિલા બુટલેગરને ત્યાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો.

(તસ્વીરઃ સુરેશ ગાંધી, અંકલેશ્વર)

અત્રેની નવી નગરી વસાહતમાં રહેતી મહિલા બુટલેગર જયા ઉક્કડ વસાવાને ત્યાં પોલીસે બાતમીના આધારે ઓચિંતી રેડ કરી ઘરમાં સંતાડેલો વિવિધ બ્રાંડનો ઈંગ્લીશ દારૂની ૪૦ નંગ બોટલ જેની બજાર કિંમત ચાર હજાર થાય છે તે ઝડપી પાડી તેની પ્રોહીબીશન એકટ અંતર્ગત અટકાયત કરી હતી.

આ અંગે અંકલેશ્વર શહેર પોલીસ મથકના સર્વેલન્સ વિભાગના હેડ કોન્સ્ટેબલ અશોકભાઇએ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ઝેરવાવરા ગામે મોબાઇલ ટાવરની કેબિનમાંથી ચોરી

મહુવાઃ મહુવા તાલુકાના ઝેરવાવરા ગામે આવેલ બીએસએનએલ મોબાઇલ ટાવરની કેબિનમાંથી રૂા. ૧૨,૨૪૦ના કેબલોની ચોરી થઇ છે.

મળતી માહિતી મુજબ, મહુવા તાલુકાના ઝેરવાવરા ગામે પિયુષ ઇશ્વરના સર્વે નં. ૫૨૧ના ખેતરના છેડા ઉપર બીએસએનએલ મોબાઇલના ટાવરની કેબિન આવેલી છે, જેમાં ગત રાત્રે કેબિનના દરવાજાના તાળાં તોડી અજાણ્યા ઇસમોએ ડીસી પાવરના કેબલ ૨૦ એમએમના ૪૦ મીટર તથા ડીસી પાવરના ચાર્જીંગ કેબલ ૩૫ એમએમના ૩૫ મીટર મળી કુલ ૭૫ મીટર કેબલો (કીમત રૂા. ૧૨,૨૪૦)ની ચોરીની ફરિયાદ થતા મહુવાના ઇન્ચાર્જ પો.સ.ઇ. બી. એમ. પટેલે તપાસ હાથ ધરી છે.

પ્રવેશ જાહેરાત બી.એડ. મેનેજમેન્ટ કવોટા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત સંલગ્ન મુન્શી મહિલા બી.એડ. કોલેજ, ભરૂચ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩માં પ્રવેશ મેળવવા ઇચ્છતી બહેનોએ નિયુક્ત કરેલ અરજીપત્રક કોલેજ કાર્યાલયમાંથી મેળવી તા.૩૧-૦૫-૨૦૧૨ સુધીમાં સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ સુધીમાં પરત મોકલવાના રહેશે. પ્રવેશ યુનિવર્સીટીએ નક્કી કરેલ ગુણાંકન પદ્ધતિ મુજબ મેરિટના આધારે આપવામાં આવશે તથા પ્રવેશ અરજી માટે યુનિવર્સીટીમાં ભરેલ નિયત અરજીપત્રકની મેળવેલ રસીદની નકલ સાથે રજુ કરવાની રહેશે. ઉચ્ચ દરજ્જાની હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ ફ્રેશ સ્નાતક/અનુસ્નાતક પણ અરજી કરી શકશે.

મુન્શી મહિલા બી.એડ. કોલેજ
મુન્શી વિદ્યાધામ, દહેજ બાયપાસ રોડ ભરૂચ.
ફોન નં. ૨૫૬૯૦૮, ૯૦૯

(એસ.એ. પટેલ)

૧૫૦ વર્ષને ઉંબરે

પહોંચેલા 'ગુજરાતમિત્ર'ને દૈનિક આવૃત્તિનાં

૭૫ વર્ષની મજલ સફળતાપૂર્વક પસાર કરી

યશસ્વી રીતે આગળ વધવા બદલ અંતરના

અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે

અંતરનાં અભિનંદન

માવજીભાઇ ચોધરી

પ્રમુખશ્રી

તાપી જિલ્લા પંચાયત, વ્યારા

એના કેળવણી સમિતિ, એના સંચાલિત

સરદાર પટેલ વિદ્યાલય, એના

H.S.C.પરીક્ષા (વિજ્ઞાન પ્રવાહ) માર્ચ-૨૦૧૨ના

તેજસ્વી તારલાઓ

મિસ્ત્રી હાર્દિક કુમાર રાજેન્દ્રભાઇ
૮૯.૫૪ % (A2)
૯૯.૬૭ પર્સેન્ટાઇલ

પટેલ નિરાલીબેન દિનેશભાઇ
૮૬.૪૩ % (A2)
૯૫.૯૬ પર્સેન્ટાઇલ

સુણવા દેવરાજસિંહ હરેન્દ્રસિંહ
૮૧.૦૮ % (B1)
૯૫.૦૬ પર્સેન્ટાઇલ

શાળાનું પરિણામ ૯૪.૮૭% બારડોલી કેન્દ્રમાં પ્રથમ

સમાજ અને વાલીઓના વિશ્વાસને સાર્થક કરી ઝળહળતી સફળતા બદલ સમગ્ર શાળા પરિવારને એના કેળવણી સમિતિ, એના અભિનંદન પઠવે છે. આ પરંપરા જાળવી રાખી શાળા નવા ક્ષિતીજો સર કરે એવી અભ્યર્થના.

શ્રી ભરતભાઇ એમ. દેસાઇ આચાર્ય
સરદાર પટેલ વિદ્યાલય, એના તથા શાળા પરિવાર

શ્રી પ્રવિણભાઇ એમ. પટેલ શ્રી રમણભાઇ એચ. પટેલ શ્રી જેકીશનભાઇ ટે. પટેલ
મંત્રી, એના કેળવણી સમિતિ, એના — પ્રમુખ, એના કેળવણી સમિતિ, એના તથા હોદેદાર — ઉપપ્રમુખ, એના કેળવણી સમિતિ, એના